

**મોડાસા રેન્જના ફોરેસ્ટ ઓફિસર લાંચ લેતા રંગે હાથ ઝડપાયા**

# સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ બક્ષી પંચના પ્રમુખ પદે કાળુસિંહ ચૌહાણની વરણી

પ્રાંતિજ, તા. ૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસની સૂચનાથી સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ ઓબીસી સેલના પ્રમુખ પદે પ્રાંતિજના કાળુસિંહ ચૌહાણની વરણી કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં પ્રાંતિજમાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની ભલામણ કરતા તલોદના મોયદ ગામે રહેતા અને કોંગ્રેસ કાર્યકર કાળુસિંહ ચૌહાણની સાબરકાંઠા જિલ્લા પક્ષી પંચના પ્રમુખ પદે નિયુક્તી કરવામાં આવી છે. કાળુસિંહની નિમણુંક થતા કોંગ્રેસ કાર્યકરો અને મિત્રો વિપુલભાઈ પટેલ, ડૉ. કાન્તીભાઈ પ્રજાપતિ, બીપીનભાઈ પટેલ વગેરેએ અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વાગત કાર્યક્રમ યોજાશે

મહેસાણા જિલ્લામાં લોકોની ફરિયાદના નિરાકરણ માટે મુખ્યમંત્રીના અભિગમને અનુરૂપ તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૬ ઓગષ્ટ-૨૦૧૫ના રોજ યોજાશે. કાર્યક્રમમાં પોતાના પ્રશ્નો સંબંધિત મામલતદાર કચેરીને ૧૨ ઓગષ્ટ સુધીમાં અરજી મોકલવાની રહેશે. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં મહેસાણા, વિસનગર કડી અને ખેરાલુ ખાતે સંબંધિત પ્રાન્ત અધિકારી, વડનગર અને ઊંઝા ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી, સતલાસણા ખાતે આંકડા અધિકારી તેમજ બેચરાજી અને જોટાણા ખાતે જમીન સંપાદન અધિકારી ઉપસ્થિત રહેશે.



**ધારાસભ્ય સ્વ. રાજેન્દ્રભાઈ પટેલની અંત્યેષ્ઠિવિધિમાં મુખ્યમંત્રી હાજર રહ્યા**

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આજે સવારે ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય સ્વ. રાજેન્દ્રભાઈ પટેલના નિવાસસ્થાને સુલતાનાબાદ ખાતે અંત્યેષ્ઠિ વિધિમાં હાજરી આપવા માટે આવ્યા હતા. તેમણે સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે સ્વ.ના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેમજ તેમના પરિવારજનોને મળી સાંત્વના આપી હતી. આ સમયે વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા, ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર, મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ, ધારાસભ્યશ્રીઓ, અગ્રણીઓ, પદાધિકારીઓ-અધિકારીઓ, ગ્રામજનોએ ઉપસ્થિત રહી પુષ્પાંજલિ આપી હતી.

# મોડાસા રેન્જના ફોરેસ્ટ ઓફિસર ૬૫ હજારની લાંચ સ્વીકારતા રંગે હાથ ઝડપાયા

મોડાસા, તા.૬

મોડાસા તાલુકાના વાંટડા ગામની સીમમાં આવેલા માલીકના સર્વે નંબરની જમીનમાંથી ૭૦ વૃક્ષો કાપવા મોડાસા રેન્જના ફોરેસ્ટર અને વચેટીયાએ મામલાની પતાવટ કરવા માટે ૧ લાખની લાંચ માંગતા ખેડૂતે એન્ટીકરપ્શન અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. એસીબીએ ટ્રેપ ગોઠવી ૬૫ હજાર રૂપિયા રોકડા સ્વીકારતા વચેટીયા અને વિભાગના અધિકારીને રંગે હાથે ઝડપી પાડ્યા હતાં.

મોડાસા તાલુકાના વાંટડા ગામના ખેડૂત યુવરાજસિંહ રામકષ્ણ પુવાર તેમના સર્વે નંબર ૧૧૨/૨ તેમજ ૧૦૮/૧ના પોતાની જમીનમાં ઉગાડેલી ૭૦ સાગ-મહુડાના વૃક્ષો જમીન માલિકે કાપ્યા હતા જેની જાણ મોડાસા રેન્જ ફોરેસ્ટ એસ.કે. મનસુરીને થતાં ઘટના સ્થળે પહોંચી ફોટોગ્રાફી કરી પોલીસ કેસ કરી સરકારી નોકરી કરતા જમીન માલિકને નોકરી પણ જતી રહેશે તેવી દમદાટી આપી મામલાની પતાવટ માટે ૧ લાખ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. જમીન માલિક જોડે આ લાંચ અંગે રકઝક કરી મામલે રફેદફે કરવા ૬૫ હજાર રૂપિયા આપવાનું જણાવતા ફોરેસ્ટર



અને તેના સાગરિતને ભ્રષ્ટાચારના કેસમાં પાઠ ભણાવવા જમીન માલિકે હિંમતનગર એસીબી ઓફિસને આ અંગે જાણ કરતા એસીબી પી.આઈ. વાઘેલાએ ટ્રેપ ગોઠવી મોડાસાના રેન્જ ફોરેસ્ટ અધિકારી સત્તાર કે. મનસુરીના વચેટીયાને પૈસા આપવાનું નક્કી થતાં બુધવારે યુવરાજસિંહ ૬૫ હજાર રૂપિયા સ્વીકારતા હતા ત્યારે દબોચી લઈ વચેટીયા પાસે રેન્જ ફોરેસ્ટ ઓફીસને જાણ કરતા સત્તાર મનસુરીએ વચેટીયાને લાંચના રૂપિયા લઈને હિંમતનગર આર.ટી.ઓ ઓફિસ નજીક આવેલી વેવેઈટ હોટલે બોલાવતા એસીબીના અધિકારીઓ વચેટીયાને લઈને હિંમતનગર સ્થિત હોટલ વેવેઈટ પહોંચી ફોરેસ્ટર સત્તાર મનસુરીને પૈસા લેતા રંગે હાથ ઝડપી લીધો હતો. અને વચેટીયા અને ફોરેસ્ટ અધિકારીને લાંચ રુશ્વતના ગુન્હા હેઠળ દબોચી બંને વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : જય અમીન)

# અમદાવાદ ગીતામંદિર બસ ટર્મિનલના નવા બસ પોર્ટનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૬

અમદાવાદ ગીતામંદિર બસ ટર્મીનલના નવનિર્મિત બસપોર્ટનું ઉદ્‌ઘાટન આજે કરવામાં આવ્યું છે. વિવિધ સુવિધાઓથી સભર આ બસ પોર્ટમાં યાત્રિકોની તમામ સુવિધાઓનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જાહેર પરિવહન સેવા અને માર્ગ વાહન-વ્યવહાર ક્ષેત્રે શ્રેષ્ઠત્તમ યાત્રી સુવિધા ગુજરાત પુરી પાડશે તેવી નેમ વ્યક્ત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના એસ.ટી. બસમથકોને અદ્યતન સવલતો સાથેના આંતરરાષ્ટ્રિય કક્ષાના બસ પોર્ટ પલબ્લીક પ્રાયવેટ પાર્ટરનશીપથી તૈયાર કરીને રાજ્યની મુસાફર જનતા જર્નાદનની સેવામાં અર્પણ કરનાર છે.

મુખ્યમંત્રીએ અમદાવાદના ગીતામંદિર બસ ટર્મિનલના નવસંસ્કરણ રૂપે રૂ. ૯૨ કરોડના ખર્ચે નિર્મિત બસપોર્ટ-૧નો પ્રજાર્પણ વાહન વ્યવહારમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં કર્યો હતો.

શ્રીમતી આનંદીબહેને રાજ્ય માર્ગવાહન વ્યવહાર નિગમની સેવાઓ બીબાઢાળ ઘરેડમાંથી બહાર લાવી સમયાનુકુલ બદલાવ અને વૈશ્વિક કક્ષાની પેસેન્જર સહુલિયત આપનારી પ્રજાભિમુખ બનાવવાનું તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્નું આ નવિન બસ પોર્ટના લોકાર્પણથી સાકાર થયું છે તેનો હર્ષ વ્યક્ત કર્યો હતો. બસમથકોને આંતરહરાષ્ટ્રિય હવાઈમનથકો જેવી શોપિંગ મોલ, રેસ્ટોરન્ટ, ડિઝીટલ ડિસ્પ્લેની શ્રેષ્ઠ સગવડતા સાથે એસ.ટી. નિગમના ડ્રાયવર્સ-કંડકટર્સ જેવા પાયાના કર્મયોગીઓ માટે પણ સુવિધાસભર કાર્યસ્થળો, રેસ્ટ રૂમ, હેલ્થકેર સેન્ટર વગેરે આવા બસ પોર્ટમાં ઉભા કરવામાં આવશે. રાજ્યમાં નવા ૧૫ બસમથકો આગામી દિવોસમાં પી.પી.પી. ધોરણે નવિનીકરણ પામવાના છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ એસ.ટી. નિગમના ડ્રાયવર્સ-કંડકટર્સ અને કર્મયોગીઓના પરિવારજનોની આરોગ્ય સુખાકારી અને તંદુરસ્તી માટે હેલ્થ ચેકઅપ નિયમિતપણે યોજાય તેવું પ્રેરક સૂચન આ અવસરે કર્યું હતું.

વાહનવ્યવહાર મંત્રીશ્રી વિજયભાઈ રૂપાઈએ ઉતારૂઓ-મુસાફરોને આંતરરાષ્ટ્રીય કક્ષાની સવલતો પ્રાપ્ત કરાવવાના જનસેવા ભાવ સાથે બસમથકોનો આધુનિક કાયાકલ્પ દષ્ટિવંત ગતિશીલ નેતૃત્વની શાસન પ્રતિબદ્ધતા છે તેમ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું.

# મહેસાણામાં મહિલા સુરક્ષા દિવસ મનાવાયો

મહેસાણા, તા. ૬

રાજ્ય સરકારે ઓગષ્ટના પ્રથમ પખવાડિયાને મહિલા સશક્તિકરણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરેલ હોવાથી મહેસાણા જિલ્લા પોલીસ વિભાગ દ્વારા મહિલા સુરક્ષા દિવસની ઉજવણી આજે સોમવારે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહિલાઓને સ્વરક્ષણ તાલીમમાં જુડો, કરાટે, ઘોડેસવારી, તીરંદાજી વિશે માહિતગાર કરાવી તે વિશેની તાલીમ આપવામાં આવી હતી.

મહિલા સુરક્ષા માટે ગુજરાતે સમગ્ર દેશમાં પહેલ કરી છે. દરેક વિકાસના પાયામાં મહિલાઓનો પાયો અતિ મહત્વનો હોવાથી મહિલા સુરક્ષા પણ અતિ આવશ્યક છે. જિલ્લા પંચાયત પ્રમુખ જે.એલ. પટેલે જણાવ્યું હતું કે મહિલાઓએ ક્રાંતિકારી પગલા લીધા છે અને લઈ શકે છે જેમ ઝાંસીની રાણી, વિજયા લક્ષ્મી પંડિત વિવિધ દેશની મહિલા વડાપ્રધાન, રાજ્યના મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે પણ મહિલાઓને આગળ લાવવા બાબતે સ્થાનિક સ્વરાજની સંસ્થામાં પચાસ ટકા અને રોજગારીમાં પણ અનામત પ્રથા દાખલ કરી મહિલાઓનું સન્માન વધારેલ છે. તેમજ જિલ્લા પોલીસ અધિક્ષક જે.આર. મોથલીયાએ જણાવેલ અનુસાર કે મહિલાઓને સશક્ત કરવા માટે ગૃહ વિભાગે સારો યોગદાન આપ્યું છે. દરેક સ્તરે મહિલા સુરક્ષા સમિતિની રચનાઓ કરવામાં આવી છે.

## પ્રેક્ષકો વિફર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બહાર નીકળી મેનેજરને પણ રજુઆત કરી હતી. જયારે કેટલાકે પોપકોર્નના મુઠ્ઠા ભરીને પોતાનો રોષ વ્યકત કરી લીધો હતો. જો કે આખરમાં મોડે મોડે પણ શો શરૂ થતા મામલો માંડ થાળે પડયો હતો. સિનેમા ઘરોમાં હીટ ફિલ્મનો સિલસિલો યથાવત રહેતા શ્રોતાઓની જરૂરી વ્યવસ્થા ઉપરાંત સલામતીના કેટલાક પરિબળો પણ જળવાતા ન હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો હોવાનુ ચર્ચા સ્થાને છે. સંબંધિત તંત્ર દ્વારા પણ આ મામલે કોઈ દરકાર ન લેવાતી હોવાની નારાજગી પણ આમ નાગરિકોમાં જોવા મળી રહી છે.

## મીલની મુલાકાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહિત ૨૫ જેટલા ડેલીગેટ્સને ગુજરાતના ટેક્ષટાઈલ ઉદ્યોગ અને અરવિંદ લીમિટેડ દ્વારા ડેનિમ બ્રાન્ડ સહિત ગારમેન્ટ ઉદ્યોગની વિસ્તૃત જાણકારી આપી હતી. ગુજરાતમાં કાપડ ઉદ્યોગ ક્ષેત્રે હીસ્ટોરીક, ટેક્ષટાઈલ અને ગારમેન્ટ બ્રાન્ડ એન્ડ રીટેઈલ, ઈ-કોમર્સ, એગ્રી બિઝનેસ, ઓર્ગેનીક કોટન અને રાજ્યના હાઈ ટેકનોલોજીના ઔદ્યોગિક એકમો અને એડવાન્સ મટીરીયલ્સ તથા કપાસના સારી જાતના ઉત્પાદન અને વેચાણ વ્યવસ્થા અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

મોઝામ્બીકના રાષ્ટ્રપતિએ અરવિંદ લીમીટેડ દ્વારા વિવિધ બ્રાન્ડના ઉત્પાદિત વસ્ત્રોના પ્રદર્શન હોલની મુલાકાત લઈ ઉત્પાદિત થયેલાં વિવિધ વસ્ત્રો નિહાળ્યા હતા.

આ પ્રસંગે કાયદો અને ન્યાયતંત્ર વિભાગ તથા પ્રોટોકોલ રાજ્યમંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ ઉપસ્થિત રહ્યાં હતાં. અરવિંદ મીલના સીએમડી શ્રી સંજયભાઈ લાલભાઈએ મોઝામ્બીકના રાષ્ટ્રપતિશ્રી તથા તેમના ધર્મપત્નીશ્રી અને ડેલીગેશનના સભ્યોને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યા હતા.

મોઝામ્બીકના રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું કે ગુજરાતમાં હાઈ ટેકનોલોજીના ઉદ્યોગોએ કાપડ ક્ષેત્રે સારી પ્રગતિ કરી છે. ગુજરાતમાં કપાસનું શ્રેષ્ઠ ગુણવત્તાવાળુ ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે થયેલ પ્રગતિની તેમણે પ્રશંસા કરી હતી.

## આજથી એપોલિપ્સ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેને ધ્યાને લઈ તા ૭ અને ૮ ઓગષ્ટના રોજ એપોકેલિપ્સનુ આયોજન કરવામાં આવ્યુ છે.એપોકેલિપ્સનો અર્થ નવી શરૂઆત તેવા ઉમદા આશય સાથે સતત પાંચમાં વર્ષે આ પ્રકારની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ અન્વયે ફાર્મા ને લગતી વિવિધ ૧૨ ઈવેન્ટ યોજવામાં આવશે. જેમાં કોલેજના ૧૭૭ તેમજ રાજકોટ, મહેસાણા, સુરેન્દ્રનગર અમદાવાદની જુદી જુદી કોલેજોના ૨૭૫ વિદ્યાર્થીઓ પણ ભાગ લેશે. જેમાં ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા બોલ ફાર્મા બોલ ઈવેન્ટ રજુ કરાશે જે અન્વયે ફાર્માને લગતી સી ડી તૈયાર કરી ગીતો પણ રજુ કરવામાં આવશે. જયારે વિવિધ ચાર વિષયો અંગે પ્રઝન્ટેશન પણ કરવામાં આવશે. આ ઉપરાંત ઈન્ટરવ્યુ કેવી રીતે આપવો , કવીઝ, ગૃપ ડીસ્કશન ડીબેટ તેમજ પોતાની પ્રોડકટ રજુ કરી તેનું માર્કેટીંગ કેવી રીતે કરવુ તે અંગે પણ વિદ્યાર્થીઓ દ્વારા થીમ બેઈઝ કૃતિઓ રજુ કરવામાં આવશે. વધુમાં આ દરમિયાન કલ્ચરલ ઈવેન્ટ પણ યોજવામાં આવશે.જેમાં વૈવિધ્યસભર નૃત્યો ,ગાયકી માઈમ એકટીંગના અંદાજમાં વિદ્યાર્થીઓ જોવા મળશે.

# અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી

મોડાસા, તા. ૬

શિક્ષિત, સુરક્ષિત સામર્થ્યવાન નારી હશે તો જ સુસંસ્કૃત અને તંદુરસ્ત સમાજનું નિર્માણ થશે. સમાજનો સર્વગ્રાહી વિકાસ નારી શક્તિથી કરવો પડશે. આ વાતથી સુવિદિત આપણા મહિલા મુખ્ય મંત્રીશ્રીએ પોતાના એક વર્ષના શાશનકાળ દરમિયાન સમગ્ર રાજ્યમાં મહિલા સશક્તિકરણનો મહાયજ્ઞનો આરંભ કર્યો છે.

અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા ગુજરાતના પંચાયતી રાજ અંતર્ગત સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં ચૂંટાયેલા તમામ મહિલા પદાધિકારીઓ તથા મહિલા સદસ્યશ્રીઓમાં નેતૃત્વ શક્તિ ખીલે અને ગ્રામીણ વિકાસ તેમજ લોક કલ્યાણ પ્રવૃત્તિઓમાં તેઓ પોતાનું યોગદાન આપી શકે તે હેતુથી મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી નગરપાલિકા ટાઉનહોલ ખાતે ગઈકાલે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહિલા સુરક્ષા, મહિલા શિક્ષણ, મહિલા અને બાળ વિકાસની યોજનાઓ, ગ્રામ વિકાસમાં મહિલાઓનું યોગદાન, સ્થાનિક સ્વરાજમાં મહિલા નેતૃત્વ વિષય પર વક્તાઓ દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ શિબિરમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નેહાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુધીર પટેલ, ડી.વાય.એસ.પી. શ્રી બરોડિયાએ મહિલા સશક્તિકરણ અંગે વિવિધ પ્રવૃત્તિની માહિતી આપી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગામ, તાલુકા, જિલ્લાની પંચાયતી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

# ભિલોડા એસ.ટી.ડેપોમાં વૃક્ષારોપણ અને વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

હિંમતનગર ડિવીઝનના ભિલોડા એસ.ટી. ડેપો વર્કશોપમાં ૬૬મા વનમહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ અને વ્યસનમુક્તિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ ધ્વારા વ્યસનમુક્તિ અભિયાન નિમિત્તે વિદ્યાર્થીઓ નાટકનો કાર્યક્રમ યોજાયો હતો. હિંમતનગર ડિવીઝન ડી.સી. જી.ઓ.શાહ, ડી.ટી.ઓ. શ્રધ્ધાબેન એચ.ભટ્ટ, રમેશચંદ્ર શ્રીમાળી, જગદીશભાઈ જોષી, કલ્પનાબેન પટેલ, ભિલોડા એસ.ટી.ડેપો મેનેજર અનિલકુમાર પરમાર, શંકરલાલ પટેલ, રાજેન્દ્રસિંહ ચંપાવત, મુકેન્દ્રસિંહ સિસોદીયા, રામજીભાઈ તબીયાર, સુરેશભાઈ ખરાડી, નિતાબેન પટેલ, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## કંપની સમાચાર

### બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડે ગુજરાતમાં હાજરી મજબૂત બનાવી

ભારતમાં ૪થું સૌથી વિશાળ મ્યુચ્યુઅલ ફંડ બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડ શ્રબીએસએલએમએફ) માટે ઈન્વેસ્ટમેન્ટ મેનેજર આદિત્ય બિરલા ફાઈનાન્શિયલ સર્વિસી ગ્રુપનો હિસ્સો બિરલા સન લાઈફ એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ (બીએસએલએએમસી) ગુજરાતમાં મોજુદગી વધુ મજબુત બનાવી રહી છે. આ ફંડ ગૃહ સંભવિત રોકાણકારો અને વિતરકોને તેની પ્રોડકટો અને પ્રક્રિયાઓ પ્રદર્શિત કરીને બજાર હિસ્સો વધારવા માંગે છે. બીએસએલએએસીનું લક્ષ્ય તેની સફળતાના ત્રણ પાયા, સ્પષ્ટતા, પ્રતિબદ્ધતા અને સાતત્યતા પર કેદ્રિત રહીને ગુજરાતમાં બજાર હિસ્સો નોંધનીય રીતે હાંસલ કરવાનું છે.

૨૦૧૫ માટે રોકાણના લક્ષ્ય સાથે અમદાવાદમાં બીએસએલએમસીની ફ્લેગશિપ ડિસ્ટ્રિબ્યુટર મીટમાં આવેલા બિરલા સન લાઈફ એસેટ મેનેજમેન્ટ કંપનીની સીઈઓ એ. બાલાસુબ્રમણિયને જણાવ્યું હતું કે ૫.૬૯ ટકા (રૂ. ૭૨.૦૧૯ કરોડ) સાથે ગુજરાત ભારતીય મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ (રૂ. ૧૨,૬૪,૯૬૫ કરોડમાં) સાથે ચૌથુ સૌથી વિશાળ યોગદાનકર્તા છે. આ બજારની સંભાવના જોતાં તેનું યોગદાન વધારવાની ભરપુર તક છે. અમે આ પ્રદેશમાં સારી વૃદ્ધિ જોઈ છે અને ગુજરાતમાં વધુમાં વધુ રોકાણકારો સુધી અમારી પ્રોડક્ટો અને સેવાઓ લઈ જવા માટે કટિબદ્ધ છીએ.

### ૨૦૧૫ના આતુરતાથી વાટ જોવાતી હોન્ડા સીબીઆર ૬૫૦એફનું ભારતમાં પદાર્પણ

હોન્ડાનું ૬૫૦સીસી મધ્યમ વજનનું સ્પોર્ટસ મોડેલ, હોન્ડાની પ્રથમ પ્રીમિયમ મેક ઈન ઈન્ડિયા ટુરર મોટરસાઈકલોમાં સ્લીક, સ્પોર્ટી સ્ટાઈલ, ૧૬ વાલ્વનું ડીઓએચસી ઈન-લાઈન ૪ સિલિંડર, ૬ ગિયરબોક્સ એન્જિન અને ટુરિંગ અને સ્પોર્ટસ સવારી સહિત વ્યાપક શ્રેણીના ઉપયોગ માટે મોજ માણી શકાય છે.

ઉચ્ચ કક્ષાનું કોમ્પેકટ એન્જિ ૬૪૯ સીસી ૧૬ વાલ્વ ઈનલાઈન એન્જિન ૪૦૦૦ જેટલા નીચા આરપીએમે પણ આસાન અને સરળ કામગીરી પ્રદાન કરે છે. મજબૂત એન્જિન ૧૧૦૦૦ આરપીએમના દરે મહત્તમ ૬૪ કિલોવેટ ચર્ન આઉટ કરે છે. પ્રોગ્રામ્ડ ફ્યુઅલ ઈન્જેક્શન (પીજીએમએફઆઈ) બારીક અને અચુક થ્રોટલ પ્રતિસાદ માટે ૩૨ મીમી થ્રોટલ બોર્સ પર ૪ અલગ અલગ થ્રોટલ બોડી સેન્સર્સ પાસેથી માહિતી સાથે કામગીરી કરે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

info city Club & Resort · Craayons Pre-School & Activity center · info city
DRAWING COMPETITION
૧૫ ઓગસ્ટ, ૨૦૧૫
A ઉંમર ૭ થી ૧૧ વર્ષ · B ઉંમર ૧૨ થી ૧૬ વર્ષ
સમય: સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળ: ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર
રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ —૧૪ ઓગસ્ટ, ૨૦૧૫—
જીતો આકર્ષક ઈનામો
• ફી- ગૃપ A માટે- રૂા.૫૦/- અને ગૃપ B માટે - રૂા.૧૦૦/-
• સ્પર્ધકોને ડ્રોઈંગ પેપર સંસ્થા તરફથી આપવામાં આવશે. (કલર /પેન્સિલ/ ડ્રોઈંગ મટેરીયલ કીટ સ્પર્ધકે સાથે લાવવાના રહેશે).
• સ્પર્ધકને ICRPL તરફથી રિફ્રેશમેન્ટ આપવામાં આવશે.
વધુ માહિતી /રજીસ્ટ્રેશન માટે સંપર્ક:
રાકેશ શિંદે : +૯૧-૯૯૭૯૯ ૨૨૪૪૩
બિધાન સેન : +૯૧-૯૯૦૯૯ ૦૬૩૭૨

વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)
૩જો માળ, જલસેવા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન : ૦૭૯-૨૩૨૪૭૧૭૦-૭૧, ૨૩૨ ૪૭૦૭૫, ફેક્સ : ૨૩૨૪૭૪૮૫, Website : wwww.wasmo.org, Email : wasmo@wasmo.org

ટેન્ડર નોટીસ

વાસ્મો કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટેના ટેન્ડરો અગ્રણી ઈજારદારો પાસેથી સીલબંધ કવરમાં માત્ર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. જરૂરી માહિતી કચેરી સમય દરમિયાન અત્રેથી રૂબરૂમાં મળી રહેશે.

| ક્રમ | કામની વિગત | આશરે વાર્ષિક ખર્ચ(લાખમાં) | ટેન્ડર ફી (રૂ.માં) | બાનાની રકમ (રૂ.માં) | સિક્યુરીટી ડીપોઝીટ (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| ૧ | કુરીયર સર્વિસ માટે | ૧.૨૦ | ૫૦૦ | ૪,૦૦૦ | ૬,૦૦૦ |
| ૨ | સફાઈ કામ માટે | ૧.૫૦ | ૫૦૦ | ૫,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૩ | એ.સી. મશીન મરામત માટે | ૦.૭૦ | ૫૦૦ | ૨,૫૦૦ | ૫,૦૦૦ |
| ૪ | સ્પાયરલ બાઈન્ડીંગ અને ઝેરોક્ષ કલર પ્રિન્ટ, કલર ઝેરોક્ષ | ૨.૦૦ | ૫૦૦ | ૬,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૫ | સ્ટેશનરી ખરીદી માટે | ૪.૦૦ | ૫૦૦ | ૧૨,૦૦૦ | ૨૦,૦૦૦ |

નોંધ : ગાંધીનગરમાં આવેલ એજન્સીઓએ જ ટેન્ડર ભરવાના રહેશે,
કોરા ટેન્ડર ફોર્મ મેળવવા તા. ૭/૮/૨૦૧૫ થી તા. ૧૪/૮/૨૦૧૫
ટેન્ડર પરત લેવાની છેલ્લી તા. ૨૬/૮/૨૦૧૫

કાર્યપાલક ઈજનેર
વાસ્મો, ગાંધીનગર
માહિતી/૧૧૦૯/૨૦૧૫-૧૬